30 મેથી તોફાની વરસાદનું યલો એલર્ટ

3 જૂનથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

અમદાવાદ : ગુજરાતમાં એક તરફ આકરા તાપમાન અને ઉકળાટથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે ત્યારે બીજી તરફ હવામાન વિભાગે આગામી દિવસોમાં રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. 30 મેથી 3 જૂન દરમિયાન ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જિલ્લાઓમાં વરસાદનું યલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.બીજી તરફ આજે અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં કાળઝાળ 44 ડિગ્રી ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. સાંજના સાત વાગ્યા સુધી આ બન્ને શહેરોમાં લૂની અસર જોવા મળી હતી.

છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવ-દમણ વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું.આગામી 24 કલાક દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે આગામી ત્રણ દિવસ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં 40 ડિગ્રીથી વધુ તાપમાન યથાવત રહી શકે છે.

આ તારીખે આ જિલ્લાઓમાં એલર્ટ

30 મે : બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને કચ્છ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

31 મે : અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડી શકે છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી અને કચ્છ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

1 જૂન : દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, ભરૂચ સહિત ઉત્તર અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં યલો એલર્ટ સાથે ગાજવીજ અને વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ વિસ્તારમાં પણ વરસાદી માહોલ સર્જાઈ શકે છે.

2 અને 3 જૂન : સમગ્ર ગુજરાત ક્ષેત્ર તેમજ સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને છોટાઉદેપુર, નર્મદા અને તાપી જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં કાળઝાળ 44 ડિગ્રી ગરમી

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર આજે રાજ્યના અનેક શહેરોમાં ભારે ગરમી નોંધાઇ હતી. સુરેન્દ્રનગર અને અમદાવાદમાં 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. રાજકોટ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી, અમરેલી, ભાવનગર અને ડીસામાં 42 ડિગ્રી, વડોદરા અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી જ્યારે કંડલા એરપોર્ટ પર 41 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભૂજમાં 39 ડિગ્રી, કંડલા પોર્ટ પર 37 ડિગ્રી, કેશોદમાં 37 ડિગ્રી, સુરત અને દમણમાં 36 ડિગ્રી તેમજ નલિયા, પોરબંદર અને મહુવામાં 35 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે આવતીકાલે 29 મે સુધી મુખ્યત્વે ખુલ્લું આકાશ રહેવાની શક્યતા છે અને મહત્તમ તાપમાન 43 ડિગ્રી આસપાસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં અનુકૂળ પરિસ્થિતિ સર્જાતા દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી બે થી ત્રણ દિવસમાં વધુ વિસ્તારોમાં આગળ વધે તેવી શક્યતા છે. ઉત્તર પાકિસ્તાન અને આસપાસના વિસ્તારોમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે જ્યારે ગુજરાત વિસ્તારમાં નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે.

28 મેના રોજ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ અને સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે 30 મેથી 3 જૂન દરમિયાન ગાજવીજ, વીજળીના કડાકા અને 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

ભદ્ર લોકોની માનીતી દિલ્હી જિમખાના ક્લબની ૨૭.૩ એકર જમીન ખાલસા કરવામાં આવશે

લુટિયન્સ દિલ્હીમાં ભદ્ર લોકોનું સ્ટેટસ સિમ્બોલ ગણાતી જીમખાના ક્લબની જમીન ખાલી કરવાના સરકારી આદેશને કારણે ભારે વિવાદ પેદા થયો છે. કેન્દ્ર સરકારે વડા પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાનની તદ્દન નજીક આવેલી દિલ્હી જીમખાના ક્લબને ૫ જૂન સુધીમાં ૨૭.૩ એકર જમીન ખાલી કરવા માટે નોટિસ જારી કરી છે. નોટિસ મળ્યાના બીજા દિવસે દિલ્હી જિમખાના ક્લબે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ તાત્કાલિક સુનાવણીની માંગણી કરી હતી. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે જો ક્લબ ૫મી જૂને સ્વેચ્છાએ જગ્યા ખાલી ન કરે તો પણ કાનૂની પ્રક્રિયાનું પાલન ન થાય ત્યાં સુધી કબજો લેવામાં આવશે નહીં. કોર્ટે અરજદારના વકીલને જણાવ્યું હતું કે જમીન છીનવી લેવામાં આવે તો પણ ક્લબના સભ્યો તેમનું સભ્યપદ જાળવી રાખશે. એસજી તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે અરજદારને બીજી જમીન આપવામાં આવશે. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને આઠ અઠવાડિયામાં જવાબ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

૧૯૧૧માં રાજા જ્યોર્જ પાંચમાએ જાહેરાત કરી કે બ્રિટિશ ભારતની રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડવામાં આવશે. તેના પરિણામે હજારો બ્રિટિશ અધિકારીઓ દિલ્હી આવ્યા હતા. તેમને એવી જગ્યાની જરૂર હતી, જ્યાં તેઓ સાંજે બેસી શકે, પોલો રમી શકે અને ભારતના શાસન વિશે નિર્ણયો લઈ શકે. ૩ જુલાઈ, ૧૯૧૩ના રોજ ઇમ્પિરિયલ દિલ્હી જીમખાના ક્લબનો જન્મ થયો. ૧૯૨૮માં સરકારે ૨૭.૩ એકર જમીન વાર્ષિક રૂ. ૧,૦૦૦ના ભાવે ભાડે આપી હતી. તેના પર આ ઇમારત ૧૯૩૦ના દાયકામાં બનાવવામાં આવી હતી. ૧૯૪૭માં જ્યારે ભારતને આઝાદી મળી અને અંગ્રેજો ગયા ત્યારે ક્લબના નામમાંથી ઈમ્પિરિયલ શબ્દ દૂર કરવામાં આવ્યો હતો. ગોરા અમલદારોની જગ્યાએ શાસનમાં વગ ધરાવતાં ભારતીય પ્રભાવશાળી લોકો તેનાં સભ્યો બન્યાં હતાં. આ જમીન દિલ્હીના હૃદયમાં આવેલી છે, જ્યાં એક એકરની કિંમત હજારો કરોડ રૂપિયા છે.

આ ક્લબમાં ક્યારેય રમતગમતનું મેદાન નહોતું. ૨૦૧૪-૧૫ અને ૨૦૧૮-૧૯ વચ્ચે ક્લબનો રમતગમત પરનો કુલ ખર્ચ ફક્ત ૨.૭૭ ટકા હતો. બાકીનો ખર્ચ કેટરિંગ, વાઇન અને સિગારેટ પર કરવામાં આવ્યો હતો. રમતગમતના નામે જમીન માંગવામાં આવી હતી, પરંતુ રમતગમત પર ખાસ કંઈ ખર્ચ કરવામાં આવ્યો ન હતો. ક્લબના સભ્યપદ માટે લોકો ૩૭ વર્ષ સુધી રાહ જોવાની યાદીમાં રહ્યા હતા. સભ્યપદ ફક્ત તે લોકોના પરિવારના સભ્યોને જ આપવામાં આવતું હતું જેઓ પહેલાથી જ ક્લબના સભ્ય હતા. સભ્યપદ માટે લોકો પાસેથી કરોડો રૂપિયા લેવામાં આવ્યા હતા, પરંતુ પરત કરવામાં આવ્યા ન હતા. કોર્પોરેટ માટે સભ્યપદ ફી ૧૫ થી ૨૦ લાખ રૂપિયા હતી અને રાહ જોવાની યાદીમાં બેઠેલા હજારો લોકો પાસેથી ૪૪ કરોડ રૂપિયાથી વધુ વસૂલવામાં આવ્યા હતા, જે પરત ન કરી શકાય તેવા હતા. રાહ જોવાની યાદીમાં રહેલાં લોકોને બિલકુલ સભ્યપદ મળ્યું ન હતું. ક્લબમાં સભ્યપદ મેળવવા માટે ૪૦-૪૦-૨૦નો નિયમ હતો. ૪૦ ટકા બેઠકો IAS અને IPS અધિકારીઓ માટે, ૪૦ ટકા લશ્કરી અધિકારીઓ માટે અને ૨૦ ટકા મહાનુભાવો માટે અનામત રાખવામાં આવી હતી. દિલ્હીનાં રાજકારણીઓ ઉપરાંત ન્યાયાધીશો, ઉદ્યોગપતિઓ, ટોચના વકીલો, વેપારીઓ વગેરે જ આ ક્લબનાં સભ્યો બની શકતાં હતાં. સામાન્ય લોકો માટે શૂન્ય બેઠકો હતી. ક્લબનાં સભ્યોનાં બાળકોને ગ્રીન કાર્ડ મળ્યાં હતાં, જેનાથી તેઓ પ્રતીક્ષા યાદીમાં હોવા છતાં પણ ક્લબનો ઉપયોગ કરી શકતાં હતાં. લોકો ૩૭ વર્ષ સુધી લાઇનમાં રાહ જોતા રહ્યા, જ્યારે અંદર રહેલા લોકોનાં બાળકોએ

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

આનંદ માણ્યો હતો.

ક્લબના મુખ્ય સભ્યોમાં રાહુલ ગાંધી, લાલકૃષ્ણ અડવાણી, ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ, દિલ્હીનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત, ભાજપનાં નેતા મેનકા ગાંધી, લેખક ખુશવંત સિંહ જેવાં લોકો સામેલ હતાં. ઓક્ટોબર ૨૦૨૦ માં લોકડાઉન દરમિયાન પરવાનગી વિના દારૂ વેચવા બદલ ક્લબના બારનું લાઇસન્સ રદ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૫૦ દારૂની બોટલો ગુમ થવાનો કેસ નોંધવામાં આવ્યો હતો, જેની પોલીસે નવેમ્બર ૨૦૨૧ માં તપાસ કરી હતી. એક સમયે ક્લબ સામે કોર્ટમાં ૧૦૦ થી વધુ કેસ પેન્ડિંગ હતા. રસપ્રદ વાત એ છે કે દિલ્હીના ઘણા ન્યાયાધીશો ક્લબના સભ્ય હતા, માટે તેમને કેસોથી પોતાને અલગ કરવા પડ્યા હતા. દિલ્હી જિમખાના ક્લબ ૫૦૦ થી વધુ કર્મચારીઓને રોજગારી આપે છે, જેમાં રસોઇયા, માળી, સુરક્ષા ગાર્ડ અને હાઉસકીપિંગનો સમાવેશ થાય છે. તેમનો આ ભદ્ર સમાજ સાથે કોઈ સંબંધ નહોતો, છતાં તેમની આજીવિકા તેની સાથે જોડાયેલી હતી. ૨૦૨૨ માં EPFO એ ક્લબનો મુક્તિ પામેલો EPF દરજ્જો રદ કર્યો, જેનાથી આ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડનો મામલો જટિલ બન્યો હતો.

દિલ્હી જિમખાના ક્લબની૩૭ વર્ષની પ્રતીક્ષાયાદીને કારણે તેનું સભ્યપદ કોંગ્રેસ યુગના ઉચ્ચ વર્ગ સુધી મર્યાદિત રહ્યું હતું.૨૦૧૦ માં ક્લબ પર નાણાંકીય છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૨૦૧૪ માં ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવ્યા પછી તેના નેતાઓ પણ આ પ્રતીક્ષાયાદીમાં પાછળ રહી ગયા હતા. ૨૦૧૮-૧૯માં કોર્પોરેટ મંત્રાલય દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું કે સભ્યપદ અરજી ફીમાં અચાનક અને નોંધપાત્ર વધારો કરીને સરકારી કર્મચારીઓ માટે રૂ. ૧.૫ લાખ અને ખાનગી વ્યક્તિઓ માટે રૂ. ૭.૫ લાખ કરવામાં આવ્યા હતા. ૨૦૨૧ માં સરકારે આ ક્લબ ટેકઓવર કરી તે પછી પહેલી વાર આ સમીકરણ બદલાયું હતું. ૨૦૨૦ માં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) એ ચુકાદો આપ્યો કે ક્લબ સરકારી જમીન પર બેસે છે, ફી વસૂલ કરે છે અને ફક્ત તેના સભ્યોનાં પરિવારોને જ સભ્યપદ આપે છે, જે લોકશાહીની ભાવનાની વિરુદ્ધ છે. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ NCLAT એ ચૂંટાયેલા મેનેજમેન્ટને રદ કર્યું અને ક્લબ માટે ઇતિહાસ રચનારી સજા લખી. તેમાં જણાવાયું હતું કે શાહી ભૂતકાળની આડમાં સભ્યપદ ફક્ત એવાં લોકો માટે જ ખુલ્લું હતું, જેમની નસોમાં વાદળી લોહી દોડતું હતું. આ રંગભેદ સમાન હતું અને સામાજિક ન્યાયનું ઉલ્લંઘન કરતું હતું. ૧ એપ્રિલ, ૨૦૨૨ના રોજ NCLT એ અંતિમ આદેશ પસાર કર્યો, જેમાં ક્લબમાં ગેરવહીવટનો સ્વીકાર કરવામાં આવ્યો અને ૨૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ NCLAT એ ટેકઓવરના નિર્ણયને સમર્થન આપ્યું. ૨૦૨૬માં ક્લબને ૪૭ કરોડ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, જેમાંથી ૩૬ કરોડ રૂપિયા સુધારેલા લીઝ દર હતા. ૨૨ મેના રોજ ડેપ્યુટી લેન્ડ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસર સૂચિત ગોયલ દ્વારા દિલ્હી જિમખાના ક્લબને નોટિસ જારી કરવામાં આવી હતી. તેણે ક્લબની જનરલ કમિટી અને સેક્રેટરીને જાણ કરી હતી કે ૭, લોક કલ્યાણ માર્ગ પર પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાનની બાજુમાં ૨ સફદરજંગ રોડ પર હાલની ૨૭.૩ એકર જમીન ૫ જૂનના રોજ સરકાર દ્વારા કબજે કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયે નોટિસમાં જણાવ્યું હતું કે ક્લબની જમીન પર ફરીથી કબજો કરવામાં આવી રહ્યો છે, કારણ કે તે મહત્ત્વપૂર્ણ સંસ્થાકીય જરૂરિયાતો, માળખાગત સુવિધાઓ અને જાહેર કલ્યાણ પ્રોજેક્ટોને પૂર્ણ કરવા માટે જરૂરી હતી, જે આસપાસની સરકારી જમીનની પુનઃપ્રાપ્તિ સાથે જોડાયેલા હતા. દિલ્હી જિમખાના ક્લબની ૨૭.૩ એકર સોનાની લગડી જેવી જમીન સંપાદન કરવા માટે સરકારે સંરક્ષણ માળખાનો ઉલ્લેખ કર્યો છે, પણ સરકારે હજુ સુધી સંરક્ષણ માળખાનો અર્થ શું છે તે જાહેર કર્યું નથી. હાલમાં આ જમીન રાષ્ટ્રપતિના નામે રહેશે, પરંતુ તેના પર શું બનાવવામાં આવશે તેની કોઈ માહિતી નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કોર્પોરેટ માટે સભ્યપદ ફી ૧૫ થી ૨૦ લાખ રૂપિયા હતી અને પ્રતીક્ષાયાદીમાં બેઠેલાં હજારો લોકો પાસેથી ૪૪ કરોડ રૂપિયાથી વધુ વસૂલવામાં આવ્યા હતા, જે પરત ન કરી શકાય તેવા હતા

ઘૂસણખોરોને દેશની બહાર કાઢવા સરકાર મક્કમ

ગાંધીનગરમાં રૂ. ૩૪૦ કરોડનાં ૮૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા અમિત શાહ

ગાંધીનગર, તા. 28: કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં તથા સીએમ ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના સોનીપુર ગામ ખાતે તળાવના ખાતમુહૂર્ત સાથે કલોલ અને ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારમાં રૂ. ૩૪૦ કરોડના ૮૪ વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ પૂર્વે બંને મહાનુભાવોએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે રાજ્યના દરેક ગામોમાં શાળા, આરોગ્ય, સ્વચ્છતા, પીવાનું પાણી, બગીચા અને તળાવો જેવી સુવિધાઓ સાથે યુવાનોમાં વાંચનની ટેવ વિકસે તે માટે લાઈબ્રેરીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. શાહે વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઘૂસણખોરોને દેશની બહાર કાઢવા માટે સરકાર મક્કમ છે. બાંગ્લાદેશ સરહદે ફેન્સિંગનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે અને ડિટેન્શન સેન્ટરોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં "ડેમોગ્રાફિક ચેન્જ કમિશન" બનાવવાનો નિર્ણય લેવાયો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સીએમ ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગાંધીનગર સંસદીય મતવિસ્તારને દેશનો સૌથી વિકસિત વિસ્તાર બનાવવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે ગાંધીનગરને "હરિયાળી લોકસભા" બનાવવા માટે ૧ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

ગોળીબાર કરનાર નિવૃત્ત DYSP ચૌહાણની ધરપકડ

અશોકસિંહ ચૌહાણની પુત્રી અને પુત્રને પણ એરેસ્ટ કરી લેવાયાં

અમદાવાદ : અમદાવાદ શહેરના પોશ વિસ્તાર નહેરૂનગર ઝાંસીની રાણીના પુતળા નજીક આવેલા એક વિવાદિત પ્લોટને લઈને ગઈકાલે નિવૃત્ત ડીવાયએપી અશોકસિંહ ચૌહાણ દ્વારા જાહેરમાં પાંચ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યા હતા. આ મામલે સેટેલાઇટ પોલીસે ગુનો દાખલ કરી નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણ, તેમના પુત્ર અને પુત્રીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે શહેરના નહેરુનગર વિસ્તારમાં આવેલા વિવાદિત પ્લોટ પર ગઈકાલે બંને પક્ષોના પાંચથી છ લોકો સામસામે આવી ગયા હતા. આ દરમિયાન બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણ સર્જાયું હતું. વિવાદ વધુ ઉગ્ર બનતા નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણે પોતાની લાયસન્સવાળી પિસ્તોલ કાઢી બે રાઉન્ડ જમીનમાં અને ત્રણ રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યું હતું.

સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ગંભીર ઈજા થવા પામી નહતી. આ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે નેહરુનગર પાસેની ખુલ્લી જગ્યાનો ભોગવટો હાલમાં નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણ પાસે હોવાથી હિતેશભાઈ અને તેમના ભાગીદારો દ્વારા આ જગ્યા ઉપર સમજૂતી કરાર કરી અશોકસિંહ પાસેથી ભાડે લીદી હતી.

આ જગ્યા ઉપર કાચા કામનું બાંધકામ કરી સ્ટોલ ઉભા કરવાના હતા. આ કામગીરી જ્યારે કરવામાં આવી રહી હતી, ત્યારે અમદાવાદ મનપા દ્વારા આ બાંધકામને અટકાવવામાં આવ્યું હતું. આથી હિતેશભાઈ અને તેમના ભાગીદારોએ અશોકસિંહ ચૌહાણ પાસે જમીનને લગતા જરૂરી આધાર પુરાવા માંગ્યા હતા.

પરંતુ નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણએ આ જમીનને લગતા જરૂરી આધાર પુરાવા આપ્યા ન હતા. આથી આ બંને વચ્ચે વિખવાદ થયો હતો. હિતેશભાઈ અને તેમના ભાગીદારો અશોકસિંહ પાસે ડિપોઝિટની રકમ પરત મેળવવા, તેમજ સ્ટોલનો ખર્ચો આપવા માંગણી કરી હતી.

આ મામલે બંને જૂથના લોકો વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં અશોકસિંહ ચૌહાણએ પાંચ રાઉન્ડ ગોળીબાર કર્યા હતા. આ સમગ્ર ઘટના અંગે પોલીસે નિવૃત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણ તેમના પુત્ર સિદ્ધાર્થ સિંહ અને પુત્રી ખ્યાતિની ધરપકડ કરી છે.

ઈબોલા વાયરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો

નાગરિકોએ કોઈપણ પ્રકારનો ભય કે ગભરાટ રાખવાની જરૂર નથી : પ્રફુલ્લ પાનશેરિયા

અમદાવાદ : અમદાવાદ સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયેલા ઈબોલાના શંકાસ્પદ દર્દીનો ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનું રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનશેરિયાએ ગુરુવારે જાહેર કર્યું હતું.

પ્રફુલ્લ પાનશેરિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, "કોંગોથી ફેલાતા સંક્રમિત ઈબોલા વાયરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. નાગરિકોએ કોઈપણ પ્રકારનો ભય કે ગભરાટ રાખવાની જરૂર નથી અને અફવાઓથી દૂર રહી આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવો. 37 વર્ષીય એક વેપારી અમુરી લોકુલા થોડા દિવસ પહેલાં કોંગોથી મુંબઈ આવ્યો હતો અને ત્યારબાદ વડોદરા પહોંચ્યો હતો. ત્યા તેને ઈબોલા આઈસોલેશન સેન્ટરમાં રાખવામાં આવ્યો હતો.

રાજ્યસભાની ચાર બેઠકો ભાજપનુંવ્યૂહરચનાપરમંથન

ગાંધીનગર : ગુજરાત ભાજપમાં આગામી રાજકીય અને સંગઠનાત્મક વ્યૂહરચનાને લઈને ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ મુખ્યાલય "શ્રી કમલમ" ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકને લઈને રાજ્યના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી.

બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા તેમજ પ્રદેશ મહામંત્રી રત્નાકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મહામંત્રી અનિરુદ્ધ દવે, પ્રશાંત કોરાટ, અજય બ્રહ્મભટ્ટ, હિતેન્દ્ર ચૌહાણ સહિતના અગ્રણીઓ પણ બેઠકમાં જોડાયા હતા. ભાજપના પીઢ નેતા સુરેન્દ્ર પટેલ (સુરેન્દ્ર કાકા) ની હાજરીએ બેઠકને વધુ મહત્વપૂર્ણ બનાવી હતી.

માહિતી અનુસાર, બેઠકમાં આગામી રાજ્યસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતમાંથી ખાલી પડનાર ચાર બેઠકો માટે ઉમેદવારોના નામોને લઈને ચર્ચા કરવામાં આવી હતી. ભાજપ હાઈકમાન્ડ દ્વારા સંભવિત ઉમેદવારોના નામો અને રાજકીય સમીકરણોને લઈને ગંભીર વિચારણા ચાલી રહી હોવાનું માનવામાં આવે છે.

સુડોકુ

૧	૫	૭	૮		૪	૯	૨	
૪		૬				૫		
૮	૩	૨	૬					૭
૨	૪	૮		૯	૫	૬	૭	
૩		૫	૪	૬	૭		૯	૨
૭			૧		૮			૫
	૮	૧				૩	૫	૯
						૭	૧	
	૭	૪	૯		૩	૨	૬	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

આજનું પંચાંગ

તા.29/05/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિઃ સુદ: તેરસ: 09:52 પછી ચૌદસ
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 08
યોગ : પરિઘ **કરણઃ** ગર
નક્ષત્ર : સ્વાતિ 10:39 પછી વિશાખા
રાશિઃ તુલા (ર.ત.)
દિવસ : અશુભ : બુધ મિથુનમાં 11:16
સુરતમાં સૂર્યોદય : 05:56
સુરતમાં સૂર્યાસ્ત : 19:13
નવકારસી : 06:47
પારસી વર્ષ : 1395 દએ માસનો 18મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 11મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : બપોરે : 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): દાંપત્ય જીવનમાં આનંદની અનુભૂતિ રહેશે. ઉંમર લાયકના વિવાહ થઇ શકે. રોજની આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): સરકારી નોકરીની શક્યતા રહે. હરીફાઇમાં સફળતા મળે. વિદ્યાર્થીઓની પીછેહઠ થાય.

મિથુન (ક,છ,ઘ,): મોજ-શોખ, કાપડ ગારમેન્ટ્સ, શિક્ષણ ટ્યુશન વગેરેના કામમાં સફળતા મળે. પ્રેમમાં સફળતા મળે.

કર્ક (ડ,હ,): નવા ઘર તથા વારસા અને જમીન બાબતે સફળતા મળે. સરકારી નોકરિયાતને પ્રગતિ થાય.

સિંહ (મ,ટ,): ટ્યુશન ટેકનોલોજી, દલાલી, પ્રવાસ વગેરે કામમાં અનુકૂળતા રહે. ભાઇ-બહેનોને મદદ કરી શકશો.

કન્યા (પ,ઠ,ણ,): ઉઘરાણી આવી શકે છે. પરિવારમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. સંતાનોના કામમાં પ્રગતિ થાય.

તુલા (ર,ત,): ક્રિએટીવ અને કાલ્પનિક બનશો. સમાજમાં માન મળે. નોકરીમાં જવાબદારી વધશે.

વૃશ્ચિક (ન,ય,): ધાર્મિક પ્રવાસ, વિદેશ પ્રવાસ, સમાજ સેવાને લગતા કામમાં સફળતા મળે. ખર્ચા વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં અનુકુળતા રહે. મોજ-શોખના ધંધામાં લાભ થાય. સંતાનોના કામમાં પ્રગતિ થાય.

મકર (ખ,જ,): નવી ઓફીસ જમીન વગેરેનાં સોદા થઇ શકે છે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): સાહિત્ય શિક્ષણ લેખન, કાયદા અને વિદેશને લાગતા કામમાં પ્રગતિ થાય. આવક વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): વીમા-એજન્સી, વીલ-વારસાને લગતા કામ પાર પડે. અચાનક શુભ સમાચાર મળે.

કોઈ પણ સાલમાં 29 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારનાર અને નવી ટેકનોલોજી તથા સરકારી નીતિ પ્રમાણે કામ કરવાવાળુ પસાર થશે. આર્થિક બાબતે ચડતી પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્ન આવે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. ઉંમર લાયકના વિવાહના ખર્ચા સતાવે. નોકરી-ધંધામાં હરીફો સતાવે. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓના ભાગ્યમાં સાથ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. વારસા, જાયદાદ, જમીનના કામ ધીમા પડે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવાની યોજનામા મળે. શેર, શટ્ટા, લોટરી બાબતે ધીરજ રાખવી. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, સોમ-ગુરુવાર, 2,11,26,29 તારીખોથી નવા કામ કરવા. સફેદ-ક્રીમ કલરના ઉપયોગ કરતા રહેવું. જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ-બુધ, 05, 08, તારીખે નવા કામ ટાળવા. લીલો, કાળો, નીલો રંગ ટાળવો. ચંદ્રના ઉપાય કરતા રહેવું.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

મરડામા લોહી પડવું

લોહી ના ઝાડા ગંભીર બીના છે. ગુલદાઉદિ (સેવતી, Chrysanthemum) શિયાળે ખૂબ થાય છે. ફૂલ સૂકવી ચૂર્ણ ભરી રાખો. એક ચમચી તાજા મોળા દહી સાથે દર બે કલાકે આપી શકે.

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
મસ્તીભરી કોમેડીની રમઝટ
પતિ પત્નિ ઔર વો દો

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે:૯.૩૦
એક્શન, સસ્પેન્સ થ્રીલર
તીસરી આંખ

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે:૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઇપી રીકલાઈનર
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm : @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
કૃષ્ણાવતારમ-1
કબંદા ગુજરાતી
ચાંદ મેરા દિલ
ધરપકડ ગુજરાતી
ભુત બંગલા
શુભમંગલ ધમાલ (ગુજરાતી)
રીટર્ન ઓફ ધ જંગલ (હિન્દી)
ધબકારો (ગુજરાતી)
સ્ટારવોર્સ (હિન્દી)
વાંકીચૂકી લવસ્ટોરી ગુજરાતી
OBSESS (હિન્દી)
ધ ગ્રેટ ગ્રાન્ડ સુપર હીરો હિન્દી
રાજા શિવાજી
શ્રી બાબા નીબ કરોરી મહારાજ (હિન્દી)

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત
હિન્દી પારિવારિક હીટ ફિલ્મ
કૃષ્ણાવતારમ-1
૧૦.૧૫, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, રાત્રે :૯.૦૦, ૯.૪૫
ગુજરાતી ફિલ્મ
કબંદા
બે શો : ૨.૩૦, ૭.૩૦
રોમાંચક લવસ્ટોરી
ચાંદ મેરા દિલ
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦ રાત્રે :૧૦.૦૦
રોમેન્ટીક ફિલ્મ
પતિ પત્નિ ઔર વો દો
એક શો : ૫.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

RAJ IMPERIAL DOLBY ATMOS INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
હિન્દી પારિવારિક ફિલ્મ કૃષ્ણાવતારમ-1 ૯.૧૦, ૧૨.૧૫, ૩.૨૦, ૬.૨૫, રાત્રે : ૯.૩૦
કબંદા ગુજરાતી : ૩.૧૫, ૭.૨૦
રોમાંન્ચક ફિલ્મ ચાંદ મેરા દિલ અનન્યા પાંડે- લક્ષ્ય ૯.૦૦,૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, રાત્રે : ૯.૦૦
ધરપકડ ગુજરાતી : ૯.૪૦, ૬.૨૦, રાત્રે : ૮.૫૫
ધ ગ્રેટ ગ્રાન્ડ સુપર હીરો (હિન્દી) ૯.૦૫, ૧૧.૩૫, ૪.૫૦
ધબકારો ગુજરાતી : ૨.૦૫
કોમેડી રોમાંન્ચક પતિ પત્નિ ઔર વો દો ૯.૨૦, ૩.૧૫ રાત્રે : ૯.૧૦
શ્રી બાબા નીબકરોરી મહારાજ (હિન્દી) ૧૨.૧૫
ભુત બંગલા રેગ્યુલર : ૧૧.૫૫, ૫.૫૦ ATMOS : રાત્રે : ૧૦.૨૫
રાજા શિવાજી સવારેઃ ૯.૪૫
વાંકી ચૂકી લવસ્ટોરી ગુજરાતી : ૬.૦૫
શુભમંગલ ધમાલ ગુજરાતી : રાત્રે : ૯.૨૦
ધુરંધર-2 એક શો : ૧.૩૫